# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચિતમાં દ્વિપક્ષિય સહયોગ વધુ ગાઢ બનાવવા ચર્ચા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં UPSCના શતાબ્દી મહોત્સવમાં ભાગ લેશે.

3) બેંકર્સ બુક્સ એવિડન્સ એક્ટ, 2026 આજથી અમલમાં આવશે.

4) ફ્લાઇ દુબઇને ક્રેશ કરવાની કોશિષ કરનાર ઓમાનના પાયોલટની ધરપકડ.. બહાદુર ભારતીય પાયલોટ સ્મિત મચ્છારની પ્રધાનમંત્રી સહિત વિશ્વભરમાં પ્રશંસા.

5) ટેક્સટાઇલ ક્ષેત્રમાં ઉભરતી ટેકનોલોજીઓની ચર્ચા કરવા માટે આજે ટેક્સટાઇલ કોન્ક્લેવનું આયોજન.

6) એશિયન ગેમ્સમાં આજે હોકીની સેમિફાઈનલમા ભારત અને પાકિસ્તાન વચ્ચે જયારે ક્રિકેટમા ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલિફોનિક વાર્તાલાપ કર્યો હતો.

બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ઊર્જા, ક્રિટિકલ ટેકનોલોજી અને પરસ્પર રસના અન્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરી હતી.

તેમણે ભારત-યુ.એસ. વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને બંને દેશોના લોકોના કલ્યાણ માટે સહયોગને વધુ મજબૂત બનાવવા ગાઢ જોડાણ જાળવી રાખવા સંમતિ દર્શાવી હતી.

નેતાઓએ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમો પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને વૈશ્વિક શાંતિ તથા સુરક્ષાને પ્રોત્સાહન આપવાના વર્તમાન પ્રયાસો પર ચર્ચા કરી હતી.

બંને નેતાઓએ સંપર્કમાં રહેવા સંમતિ દર્શાવી હતી.

# PM - UPSC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) ના શતાબ્દી સમારોહમાં ભાગ લેશે અને આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે. સાંભળીએ એક અહેવાલ...

## (VC-ANUPAM)

***(यह कार्यक्रम संघ लोक सेवा आयोग (UPSC) की स्थापना के सौ वर्ष पूरे होने के उपलक्ष्य में आयोजित साल भर चलने वाले समारोहों के समापन का प्रतीक है। इस अवसर पर प्रधानमंत्री नरेंद्र मोदी आयोग के शताब्दी स्मारक सिक्के, एक स्मारक डाक टिकट और संघ लोक सेवा आयोग तथा राज्य लोक सेवा आयोगों की नीतियों को आकार देने वाले सौ ऐतिहासिक निर्णयों की एक पुस्तक का विमोचन करेंगे। )***

# BANKERS BOOK ACT

બેંકર્સ બુક્સ એવિડન્સ એક્ટ, 2026 આજથી અમલમાં આવશે. આ ખરડા પર 13 ઓગસ્ટે રાષ્ટ્રપતિએ હસ્તાક્ષર કર્યા હતા. આ કાયદો સમકાલીન બેંકિંગ પ્રથાઓ સાથે સુસંગત રીતે બેંકિંગ રેકોર્ડના પુરાવા તરીકે ઉપયોગ માટે એક આધુનિક માળખું પ્રદાન કરશે.

નવો કાયદો ભૌતિક, ઇલેક્ટ્રોનિક, ડિજિટલ અને ક્લાઉડ-આધારિત રૂપોમાં બેંકિંગ રેકોર્ડને માન્યતા આપીને ટેકનોલોજી-તટસ્થ અભિગમ અપનાવે છે. નવા કાયદાનો હેતુ વર્તમાન બેંકિંગ સિસ્ટમની જરૂરિયાતોને પૂર્ણ કરવા કાનૂની માળખાને આધુનિક બનાવવાનો છે.

# FLYDUBAI INCIDENT

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઇટને ક્રેશ કરવાનો પ્રયાસ કરનાર ઓમાની કો-પાયલોટની સાઉદી અધિકારીઓએ ધરપકડ કરી છે. જેમણે કેપ્ટન પર છરીથી હુમલો કરી પ્લેનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો.આ હુમલા બાદ પ્લેન બે મિનિટથી ઓછા સમયમાં અંદાજે 17 હજાર 400 ફૂટ નીચે આવી ગયું હતું ત્યારે ક્રૂ સભ્યોએ કોકપીટમાં પ્રવેશી વિમાનને સ્થિર કરવામાં મદદ કરી પ્લેન સુરક્ષિત રીતે સાઉદી અરેબિયાના તબુક પ્રાદેશિક એરપોર્ટ પર લેન્ડ કરવામા આવ્યુ હતું.

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છારની બહાદુરીની પ્રશંસા કરતા કહ્યુ કે તે ઘાયલ હોવા છતાં અસાધારણ બહાદુરી બતાવી હુમલાખોરનો સામનો કરી 174 મુસાફરોના જીવ બચાવ્યો હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં,કેપ્ટન સ્મિતની બહાદુરીની પ્રંશસા કરતા કહ્યુ કે સેંકડો લોકોના જીવ બચાવવનાર અને મોટી દુર્ઘટના ટાળનાર કેપ્ટન સ્મિત મચ્છર એક હીરો છે અને ભારતને તેમના પર ગર્વ છે. પ્રધાનમંત્રીએ તેમના ઝડપી સ્વસ્થતા, નવી શક્તિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

# RAJNATH-DEFENCE ANNUAL DAY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં સંરક્ષણ ખાતા વિભાગના 279મા વાર્ષિક દિવસ સમારોહમાં હાજરી આપશે. આ પ્રસંગે રાજનાથસિંહ સંરક્ષણ ખાતા વિભાગની વિવિધ માહિતી ટેકનોલોજી પહેલ શરૂ કરશે. આમાં ભારતીય સેનાની નાણાકીય માહિતી પ્રણાલીનું વિભાગના સક્ષમ પ્લેટફોર્મ સાથે એકીકરણ, સંરક્ષણ મંત્રાલય માટે સુધારેલી રાષ્ટ્રીય સંકલન પ્રણાલી સહિત અનેક બાબતોનો સમાવેશ થાય છે.

શ્રી સિંહ અનેક પ્રકાશનો પણ પ્રકાશિત કરશે, જેમાં સંરક્ષણ ખર્ચ 2026 પર એક વ્યાપક આંકડાકીય હેન્ડબુક, વિભાગનું આંતરિક હિન્દી મેગેઝિન અને વર્ષ 2025-2026 માટે બજાર અહેવાલનો સમાવેશ થાય છે.

# TEXTILE CONCLAVE

નવી દિલ્હીમા આજે કાપડ ક્ષેત્રમાં ઉભરતી ટેકનોલોજીઓની ચર્ચા કરવા માટે એક કાપડ સંમેલન યોજાશે. કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહ આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.આ સંમેલનમાં દેશભરના કાપડ ક્ષેત્ર સાથે સંકળાયેલા 400 સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો ભાગ લેશે.

આ કાર્યક્રમમા અલગ-અલગ દેશો સાથે કરવામાં આવેલા મુક્ત વ્યાપાર કરારથી ભારતીય કાપડ માટે કયા નવા બજારો ખૂલશે તેના પર ચર્ચા કરવામા આવશે.સંમેલનમા કાપડ ક્ષેત્ર સંબંધિત સરકારના વિઝન, નવી નીતિઓ અને વિવિધ સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે કાપડ ક્ષેત્ર દેશભરમાં લગભગ 4.5 કરોડ લોકોને રોજગારી પૂરી પાડી રહ્યું છે.

# GOYAL - POLAND'S MINISTER

G20 વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે પોલેન્ડના નાણા અને અર્થતંત્ર મંત્રી આન્દ્રેજ ડોમાન્સ્કી સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે તેઓએ વેપાર અને રોકાણ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે નવા માર્ગો પર ચર્ચા કરી હતી.

બંને મંત્રીઓએ એ પણ ચર્ચા કરી હતી કે ભારત-EU FTA કેવી રીતે વ્યવસાયો માટે નવી તકો ઊભી કરી શકે છે અને ભારત અને પોલેન્ડ વચ્ચે આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MINES OFFSHORE AUCTION

ખાણ મંત્રાલય દ્વારા આજે ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેલા ખનિજો માટે 'ઓફશોર મિનરલ બ્લોક્સ' ની હરાજી શરૂ કરવામાં આવશે.મંત્રાલયે જણાવ્યું હતું કે આ ભારતની ઓફશોર મિનરલ ક્ષમતાને ઉજાગર કરવા અને દેશની લાંબા ગાળાની ખનિજ સંસાધન સુરક્ષાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ હરાજીમાં અંદામાન સમુદ્ર ક્ષેત્રમાં આવેલા બે ઓફશોર મિનરલ બ્લોકનો સમાવેશ થાય છે, જેને કમ્પોઝિટ લાઇસન્સ આપવા માટે રજૂ કરવામાં આવશે. આ હરાજીથી દરિયાઈ વિસ્તારોમાં નવું રોકાણ આકર્ષાશે અને ખનિજ ઉત્ખનન માટે આધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન મળશે.ખાણ મંત્રાલયે જણાવ્યું છે કે આજના ટેકનોલોજીકલ યુગમાં, સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવા અને મજબૂત સપ્લાય ચેઈન બનાવવા માટે આ દરિયાઈ ખનિજ સંસાધનો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

# ASIAN GAMES

એશિયન ગેમ્સ 2026ના 12મા દિવસે મેડલની આશા સાથે ભારતીય ખેલાડીઓ મેદાનમા ઉતરશે. જેમાં વિવિધ શાખાઓમાં અનેક મુખ્ય સ્પર્ધા યોજાશે.

જ્યારે આજે પુરુષ હોકીની સેમિફાઇનલમા ભારત પાકિસ્તાન સામે ટકરાશે. ફાઈનલમાં જગ્યા બનાવવા માટે ભારતીય ટીમ જીતના લક્ષ્ય સાથે મેદાને ઉતરશે. ભારતીય મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરીને ચીન સામે ગોલ્ડ મેડલની મેચ માટે પોતાની જગ્યા પહેલેથી જ સુરક્ષિત કરી લીધી છે.

એશિયન ગેમ્સમાં પુરુષ ક્રિકેટની સેમીફાઇનલમા કેપ્ટન શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમ શ્રીલંકાનો સામનો કરશે. જ્યારે ભારતીય ખેલાડીઓ નિશાનેબાજી, જુડો, વોલીબોલ, ટ્રેક સાયકલિંગ, ગોલ્ફ, જેવી ઘણી બધી સ્પર્ધાઓમાં ચંદ્રક જીતવા માટે મેદાને ઉતરશે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં ગુવાહાટીમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની બીજી એકદિવસીય મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને આઠ વિકેટથી હરાવ્યું. આ સાથે ભારતે શ્રેણીમાં 2-0 ની અજેય લીડ મેળવી. પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે જોન કેમ્પબેલ, શાઈ હોપ અને આમિર જાંગુની સદીની મદદથી સાત વિકેટે 405 રન બનાવ્યા. જે વેસ્ટ ઈન્ડિઝનો એક દિવસીય મેચમાં સર્વોચ્ચ સ્કોર છે. જ્યારેભારતે કેપ્ટન શુભમન ગિલના અણનમ 233 રનઅને રોહિત શર્માની સદીની મદદથી 44મીઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું.

ભારતીય ઓપનિંગ જોડીએ પ્રથમ વિકેટ માટે 255 રનનીરેકોર્ડબ્રેક ભાગીદારી કરી. શુભમન ગિલ ફક્ત 117 બોલમાંઆ સીમાચિહ્ન હાંસલ કરીને ODI ક્રિકેટમાંબેવડી સદી ફટકારનાર સૌથી ઝડપી ખેલાડી પણ બન્યા. શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. શ્રેણીની ત્રીજીઅને અંતિમ મેચ શનિવારે ન્યૂ ચંદીગઢમાં રમાશે.

# IMD - WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે કર્ણાટકના દરિયાકાંઠાના ભાગો, કેરળ, માહે, આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

IMD એ આજે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ આવી જ સ્થિતિની આગાહી કરી છે. આ સાથે જ રાયલસીમા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, ઓડિશા, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડા થવાની સંભાવના છે.

# NADDA - GASTROENTEROLOGY

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ ભારતના સર્વાંગી અને સમાવિષ્ટ આરોગ્ય સંભાળ તરફની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો છે. નવી દિલ્હીમાં ચાર દિવસીય વર્લ્ડ કોંગ્રેસ ઓફ ગેસ્ટ્રોએન્ટેરોલોજીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૬૦ કરોડથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. જે પ્રતિ પરિવાર પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ પૂરું પાડે છે આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨ લાખ કરોડથી વધુના ખર્ચે ૧૩ કરોડથી વધુ મફત સારવાર પૂરી પાડવામાં આવી છે.

તેમણે કહ્યું કે આ સિદ્ધિઓ નાગરિકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળને વધુ સુલભ બનાવવાના સરકારના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. શ્રી નડ્ડાએ કહ્યુ હતું કે ભારતમાં 1990 અને 2023 વચ્ચે માતૃ મૃત્યુ દરમાં 86 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ આંતરરાષ્ટ્રીય મંચ પેટ અને પાચનતંત્રના રોગો ના ક્ષેત્રમાં સંશોધન અને નવીનતા માટે યુવા ડોક્ટરોને વૈશ્વિક નિષ્ણાતો સાથે જ્ઞાન વહેંચવાની મોટી તક પૂરી પાડે છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં અલગ અલગ સમાચારો હેડલાઇન્સમાં વાંચવા મળી રહયા છે.
- સંદેશની હેડલાઇન છે - ચૂંટણી પંચે ફોર્મ - 6 માથી SIR ડિકલેરેશન હટાવ્યું
- ગુજરાત સમચાર લખે છે - ગાંધી જયંતિએ દેશવ્યાપી લોકશાહી બચાવો આંદોલન
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે - અરબ સાગર મે 3000 કરોડ કી ડ્રગ્સ પકડી, 5 પાકિસ્તાની ગિરફતાર
- ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામે 2-0થી અજેય લીડ સાથે સીરિઝ જીતી - અબકી બાર 400 પાર આ સમાચારને દિવ્ય ભાસ્કરે પહેલા પાને તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- અમદાવાદમાં વકીલોની જડબેસલાક હડતાલ, હવે રાજય વ્યાપી આંદોલન - ગુજરાત સમાચારે આ સમાચારને છેલ્લા પાને લીધા છે
- આ ઉપરાંત ફલાયદુબઈની ફલાઇટના હાઈજેકનો પ્રયાસ - ગુજરાતી પાયલોટે પ્લેન ક્રેશનું કાવતરું નિષ્ફળ બનાવ્યું આ સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.